દ્વિઘાત સમીકરણ

- વ્યાપક સ્વરૂપ
- બીજના પ્રકારો
- બીજ તથા સહગુણકો વચ્ચેનો સંબંધ
- દ્વિઘાત સમીકરણની રચના
- સામાન્ય બીજનો ખ્યાલ
- મહત્તમ-ન્યૂનતમ મૂલ્યો
- દ્વિઘાત બહુપદી

- **વ્યાપક સ્વરૂપ :** બહુપદી $f(x) = ax^2 + bx + c,\ a;\ b;\ c \in \mathrm{R},\ a \neq 0$ દ્વિઘાત બહુપદી છે.
  $f(\alpha) = 0$ હોય તો $x = \alpha$ ને દ્વિઘાત સમીકરણનું બીજ કહે છે.
- દ્વિઘાત સમીકરણનાં બીજ શોધવા માટે
  (1) અવયવની રીત (2) પૂર્ણ વર્ગની રીત (3) સૂત્રની રીત ઉપયોગમાં લઈ શકાય.
- સૂત્રની રીતથી બીજ શોધવા માટે, $\mathrm{D} = b^2 - 4ac$ વાપરીને $(\alpha, \beta) = \dfrac{-b \pm \sqrt{\mathrm{D}}}{2a}$ સૂત્ર વાપરવું.

નોંધ : (1) જો $\mathrm{D} = b^2 - 4ac > 0$ હોય તો દ્વિઘાત સમીકરણને બે ભિન્ન અને વાસ્તવિક બીજ હોય.

(2) જો $\mathrm{D} = b^2 - 4ac = 0$ હોય તો આપેલ દ્વિઘાત સમીકરણને બે સમાન વાસ્તવિક બીજ હોય.

(3) જો $\mathrm{D} = b^2 - 4ac < 0$ હોય તો આપેલ દ્વિઘાત સમીકરણને બે ભિન્ન અવાસ્તવિક સંકર બીજ હોય, જે એકબીજાની અનુબદ્ધ સંકર સંખ્યાઓ હોય. અહીં $i^2 = -1$ ઉપયોગમાં લેવું.

- **વાસ્તવિક બીજના પ્રકાર :**

(1) જો દ્વિઘાત સમીકરણમાં a તથા c સમચિહ્ન હોય તથા b થી વિરુદ્ધ ચિહ્ન ધરાવતાં હોય તો બંને બીજ ધન મળે.

(2) જો દ્વિઘાત સમીકરણમાં a તથા c વિષમચિહ્ન હોય તો બંને બીજ વિરુદ્ધ ચિહ્ન ધરાવતાં હોય.

(3) જો $b = 0$ હોય તો બંને બીજ એકબીજાની વિરોધી સંખ્યાઓ હોય.

(4) જો $c = a$ હોય તો બંને બીજ એકબીજાની વ્યસ્ત સંખ્યાઓ હોય.

- **દ્વિઘાત સમીકરણનાં બીજ તથા સહગુણકો વચ્ચેનો સંબંધ :**

જો આપેલ દ્વિઘાત સમીકરણ $f(x) = ax^2 + bx + c = 0$ નાં બીજ α તથા β હોય તો,

બે બીજનો સરવાળો $\alpha + \beta = \dfrac{-b}{a} = \dfrac{-x \text{ નો સહગુણક}}{x^2 \text{ નો સહગુણક}}$ તથા

બે બીજનો ગુણાકાર $\alpha\beta = \dfrac{c}{a} = \dfrac{\text{અચળ પદ}}{x^2 \text{ નો સહગુણક}}$ થી મળે.

- **દ્વિઘાત સમીકરણની રચના :**

જો કોઈ દ્વિઘાત સમીકરણનાં બીજ જાણતાં હોઈએ તો $x^2 -$ (બે બીજનો સરવાળો)$x +$ (બે બીજનો ગુણાકાર) $= 0$ સૂત્ર વાપરી દ્વિઘાત સમીકરણ મેળવવું.

- **સામાન્ય બીજ :**

$a_1x^2 + b_1x + c_1 = 0$ અને $a_2x^2 + b_2x + c_2 = 0$ બે ભિન્ન દ્વિઘાત સમીકરણો (જ્યાં $a_1, a_2 \neq 0$) માટે

(1) જો એક બીજ સામાન્ય હોય તો $(a_1b_2 - a_2b_1)(b_1c_2 - b_2c_1) = (a_1c_2 - a_2c_1)^2$

(2) જો બંને બીજ સામાન્ય હોય તો $\dfrac{a_1}{a_2} = \dfrac{b_1}{b_2} = \dfrac{c_1}{c_2}$.

- **સીમાંત કિંમત :**

  (1) જો $(x - \alpha)(x - \beta) < 0$ તો $x \in (\alpha, \beta)$

  (2) જો $(x - \alpha)(x - \beta) \le 0$ તો $x \in [\alpha, \beta]$

  (3) જો $(x - \alpha)(x - \beta) > 0$ તો $x \notin [\alpha, \beta]$ તથા

  (4) જો $(x - \alpha)(x - \beta) \ge 0$ તો $x \notin (\alpha, \beta)$

- **દ્વિઘાત બહુપદીનાં મહત્તમ અને ન્યૂનતમ મૂલ્યો :**

  ધારો કે $p(x) = ax^2 + bx + c$; $(a \ne 0)$ આપેલ બહુપદી હોય, તો

  (i) જો $a > 0$ તો $p(x)$નું ન્યૂનતમ મૂલ્ય $x = \frac{-b}{2a}$ આગળ $\frac{4ac - b^2}{4a}$ મળે તથા

  (ii) જો $a < 0$ તો $p(x)$નું મહત્તમ મૂલ્ય $x = \frac{-b}{2a}$ આગળ $\frac{4ac - b^2}{4a}$ મળે.

- **ત્રિઘાત બહુપદી :**

  જો $p(x) = ax^3 + bx^2 + cx + d$; $(a \ne 0)$ નાં બીજ α, β, γ હોય, તો

  (1) બીજનો સરવાળો : $\alpha + \beta + \gamma = \frac{-b}{a}$

  (2) બે બીજના ગુણાકારનો સરવાળો : $\alpha\beta + \beta\gamma + \gamma\alpha = \frac{c}{a}$

  (3) બીજનો ગુણાકાર : $\alpha\beta\gamma = \frac{-d}{a}$

  - $\alpha; \beta; \gamma$ બીજવાળું ત્રિઘાત સમીકરણ

    $x^3 - (\alpha + \beta + \gamma)x^2 + (\alpha\beta + \beta\gamma + \gamma\alpha)x - \alpha\beta\gamma = 0$ છે.

બહુ વિકલ્પી પ્રશ્નો

(1) જો x_1 તથા x_2 એ દ્વિઘાત સમીકરણ $x^2 - 3x + p = 0$ નાં બીજ હોય તથા x_3 અને x_4 એ દ્વિઘાત સમીકરણ $x^2 - 12x + q = 0$નાં બીજ હોય તથા જો આ ચારેય બીજ વધતી સમગુણોત્તર શ્રેણીમાં હોય તો p = ..., q = ...

(A) $p = 2; q = 32$ (B) $p = 4; q = 16$ (C) $p = 4; q = 32$ (D) $p = 2; q = 16$

ઉકેલ : અહીં $x_1 + x_2 = 3$ તથા $x_1x_2 = p$ છે. એ જ રીતે, $x_3 + x_4 = 12$ તથા $x_3x_4 = q$ છે.

હવે x_1, x_2, x_3, x_4 સમગુણોત્તર શ્રેણીમાં છે.

$\therefore x_2 = x_1r$; $x_3 = x_1 r^2$; $x_4 = x_1 r^3$ લઈ શકાય.

$\therefore x_1 + x_2 = x_1 + x_1r = 3$ તથા $x_3 + x_4 = 12$

$\therefore x_1(1+r) = 3$

$x_1 r^2 + x_1r^3 = 12$

$\therefore x_1 r^2 (1+r) = 12$

$\therefore r^2 (3) = 12$

$\therefore r^2 = 4$

$\therefore r = 2$ $(r > 0)$

$\therefore x_1 = 1$ તથા $x_2 = 2$ મળે. આથી $p = x_1 x_2 = 1(2) = 2$

વળી $x_3 = x_1r^2 = 4$, $x_4 = x_1r^3 = 8$

$q = x_3 . x_4 = 4(8) = 32$

$p = 2; q = 32$ મળે.

જવાબ : (A)

(2) સમીકરણ $|x^2 - 5x + 6| = x + 6$ નાં વાસ્તવિક બીજ ...... હોય.

(A) 0, 2 (B) 0, 6 (C) 6, 8 (D) 4, 6

ઉકેલ : $|x^2 - 5x + 6| = x + 6$

$\therefore |(x-3)(x-2)| = x + 6$

વિકલ્પ 1 $x \le 2 \Rightarrow (x-2) \le 0$ તથા $(x-3) < 0$

$\therefore |(x-3)(x-2)| = (x-3)(x-2)$

$\therefore x^2 - 5x + 6 = x + 6$

$\therefore x^2 - 6x = 0$

$\therefore x(x-6) = 0$

$\therefore x = 0$ અથવા $x = 6$. $x \le 2$ હોવાથી $x = 0$

વિકલ્પ 2 $x \ge 3$ આથી $(x-3) \ge 0$ તથા $(x-2) \ge 1 > 0$

$\therefore (x-3)(x-2) \ge 0$ $|(x-3)(x-2)| = (x-3)(x-2)$ થાય.

$\therefore x = 0$ કે 6 મળે.

$x \ge 3$ હોવાથી $x = 6$.

વિકલ્પ 3 $x > 2$ તથા $x < 3$ એટલે કે, $x \in (2, 3)$

$\therefore (x-2) > 0$ તથા $(x-3) < 0$

$\therefore (x-3)(x-2) < 0$

આથી $|(x-3)(x-2)| = -(x^2 - 5x + 6)$

$\therefore -(x^2 - 5x + 6) = x + 6$

$\therefore -6 + 5x - x^2 = x + 6$

$\therefore x^2 - 4x + 12 = 0$

$\therefore$ વાસ્તવિક x ના મળે.

$\therefore x = 0$ અથવા 6 **જવાબ :** (B)

(3) સમીકરણ $3x^2 + 2x(k^2+1) + k^2 - 3k + 2 = 0$ નાં બીજ વિરોધી ચિહ્ન ધરાવતાં હોય તો $k \in$ ......

(A) $(-1, 0)$ (B) $(0, 1)$ (C) $(1, 2)$ (D) $\left(\frac{1}{2}, \frac{3}{2}\right)$

ઉકેલ : દ્વિઘાત સમીકરણનાં બીજ વિષમ ચિહ્ન હોય, તો બીજનો ગુણાકાર ઋણ મળે. આથી $\frac{c}{a} < 0$

$\therefore \frac{k^2 - 3k + 2}{3} < 0$

$\therefore k^2 - 3k + 2 < 0$

$\therefore (k-2)(k-1) < 0$

$\therefore k \in (1, 2)$ **જવાબ :** (C)

(4) $e^{\cot x} - e^{-\cot x} = 4$ હોય તો $\cot x =$ ......

(A) $\log_{10}(2+\sqrt{5})$ (B) $\log_{10}(2-\sqrt{5})$ (C) $\log_e(2-\sqrt{5})$ (D) $\log_e(2+\sqrt{5})$

ઉકેલ : $e^{\cot x} - \frac{1}{e^{\cot x}} = 4$

ધારો કે $e^{\cot x} = m$

$\therefore\ m - \frac{1}{m} = 4$

$\therefore\ m^2 - 4m - 1 = 0$

$\therefore\ m = \frac{4 \pm \sqrt{(-4)^2 - 4(1)(-1)}}{2} = \frac{4 \pm 2\sqrt{5}}{2} = 2 \pm \sqrt{5}$

પરંતુ $m = e^{cot\,x} > 0$ હોવાથી, $m = 2 + \sqrt{5}$

$\therefore\ e^{cot\,x} = 2 + \sqrt{5}$

આથી $cot\,x = \log_e\left(2 + \sqrt{5}\right)$ **જવાબ :** (D)

(5) દ્વિઘાત સમીકરણ $ax^2 + bx + c = 0$ નાં બીજનાં વ્યસ્ત બીજ ધરાવતું દ્વિઘાત સમીકરણ ...... હોઈ શકે. ($a \neq 0, c \neq 0$)

(A) $bx^2 + cx - a = 0$ (B) $cx^2 + ax - b = 0$ (C) $cx^2 + bx + a = 0$ (D) $bx^2 - cx + a = 0$

ઉકેલ : ધારો કે સમીકરણ $ax^2 + bx + c = 0$ નાં બીજ α અને β છે. આથી $\alpha + \beta = \frac{-b}{a}$ તથા $\alpha\beta = \frac{c}{a}$

હવે માંગેલ સમીકરણનાં બીજ $\frac{1}{\alpha}$ તથા $\frac{1}{\beta}$ હોવાથી,

$\frac{1}{\alpha} + \frac{1}{\beta} = \frac{\alpha+\beta}{\alpha\beta} = \frac{-b}{c}$ તથા $\frac{1}{\alpha\beta} = \frac{a}{c}$

$\therefore$ માંગેલ દ્વિઘાત સમીકરણ $x^2 - \left(\frac{-b}{c}\right)x + \frac{a}{c} = 0$

$\therefore\ cx^2 + bx + a = 0$

→ **બીજી રીત :**

$x = \frac{1}{y}$ લેતાં $\frac{a}{y^2} + \frac{b}{y} + c = 0$

$\therefore\ cy^2 + by + a = 0$

$ax^2 + bx + c = 0$ નાં બીજ α, β હોય તો

$cx^2 + bx + a = 0$ નાં બીજ $\frac{1}{\alpha}, \frac{1}{\beta}$ હોય. **જવાબ :** (C)

(6) જો સમીકરણ $x^2 - 3kx + 2e^{2\log|k|} - 1 = 0$ નાં વાસ્તવિક બીજ એવાં મળે કે, જેથી બીજનો ગુણાકાર 31 થાય તો $k =$ ......

(A) ± 1 (B) ± 2 (C) ± 3 (D) ± 4

ઉકેલ : $x^2 - 3kx + 2e^{2\log|k|} - 1 = 0$

$\therefore\ x^2 - 3kx + 2e^{\log k^2} - 1 = 0$

$\therefore\ x^2 - 3kx + (2k^2 - 1) = 0$

$\therefore$ હવે બીજનો ગુણાકાર = 31. આથી $2k^2 - 1 = 31$

$\therefore\ k^2 = 16$

આથી $k = \pm 4$ **જવાબ :** (D)

(7) દ્વિઘાત સમીકરણ $x^2 - bx + c = 0$ નાં બે બીજ વચ્ચેનો તફાવત 1 હોય તો નીચેનામાંથી ...... સત્ય બને.

(A) $b^2 = 4c + 1$ (B) $b^2 = 4c - 1$ (C) $c^2 = 4b - 1$ (D) $a^2 = 4c + 1$

ઉકેલ : ધારો કે $x^2 - bx + c = 0$નાં બીજ α તથા β છે તથા $\beta = \alpha + 1$ છે.

બે બીજનો સરવાળો $= \alpha + \beta = \alpha + \alpha + 1 = 2\alpha + 1 = b$ (1)

તથા બે બીજનો ગુણાકાર $= c = \alpha(\alpha + 1) = \alpha^2 + \alpha$

$$\therefore c = \left(\frac{b-1}{2}\right)^2 + \left(\frac{b-1}{2}\right) \qquad \text{((1) પરથી)}$$

$$\therefore 4c = (b-1)^2 + 2(b-1)$$
$$= b^2 - 2b + 1 + 2b - 2$$
$$4c = b^2 - 1$$
$$b^2 = 4c + 1$$

→ **બીજી રીત :**

$$(\alpha - \beta)^2 = 1 \Rightarrow (\alpha + \beta)^2 - 4\alpha\beta = 1$$
$$\Rightarrow b^2 - 4c = 1 \Rightarrow b^2 = 4c + 1$$

જવાબ : (A)

(8) સમીકરણ $\frac{a}{x-a} + \frac{b}{x-b} = 1$ નાં બે બીજ એકબીજાની વિરોધી સંખ્યાઓ હોય તો $2(a + b) =$ ......

(A) – 1 (B) 2 (C) 0 (D) $\frac{1}{2}$

ઉકેલ : $\frac{a}{x-a} + \frac{b}{x-b} = 1$

$\therefore ax - ab + bx - ab = (x - a)(x - b)$

$\therefore (a + b)x - 2ab = x^2 - (a + b)x + ab$

$\therefore x^2 - 2(a + b)x + 3ab = 0$

આ સમીકરણનાં બીજ એકબીજાની વિરોધી સંખ્યાઓ છે.

$\therefore \alpha + \beta = 0$. આથી $b = 0$

$\therefore a + b = 0$

$\therefore 2(a + b) = 0$

જવાબ : (C)

(9) જો $sin\ \alpha$ તથા $cos\ \alpha$ એ દ્વિઘાત સમીકરણ $ax^2 + bx + c = 0$ નાં બીજ હોય, તો નીચેનામાંથી ...... સત્ય બને.

(A) $a^2 = b^2 - 2ac$ (B) $a^2 = b^2 - 4ac$ (C) $b^2 = c^2 - 4ab$ (D) $c^2 = a^2 - 4bc$

ઉકેલ : અહીં બે બીજનો સરવાળો, $sin\ \alpha + cos\ \alpha = \frac{-b}{a}$ તથા બે બીજનો ગુણાકાર, $sin\ \alpha\ cos\ \alpha = \frac{c}{a}$ છે. (1)

$$\therefore (sin\ \alpha + cos\ \alpha)^2 = \left(\frac{-b}{a}\right)^2 = \frac{b^2}{a^2}$$

$$\therefore 1 + 2\left(\frac{c}{a}\right) = \frac{b^2}{a^2} \qquad \text{((1) પરથી}$$

$\therefore a^2 + 2ac = b^2$

$\therefore a^2 = b^2 - 2ac$

જવાબ : (A)

(10) જો કોઈ દ્વિઘાત સમીકરણ $x^2 + bx + c = 0$ નાં બીજનો ગુણોત્તર એ અન્ય દ્વિઘાત સમીકરણ $x^2 + px + q = 0$ નાં બીજનાં ગુણોત્તર જેટલો હોય તો નીચેનામાંથી ...... સત્ય બને.

(A) $ap^2 = bq^2$ (B) $b^2q = cp^2$ (C) $a^2q = bp^2$ (C) $(aq)^2 = (bq)^2$

ઉકેલ : ધારો કે દ્વિઘાત સમીકરણ, $x^2 + bx + c = 0$ નાં બીજ α તથા β છે. $\alpha + \beta = -b,\ \alpha\beta = c$ થાય.

વળી, દ્વિઘાત સમીકરણ $x^2 + px + q = 0$ નાં બીજ m તથા n હોય તો, $m + n = -p,\ mn = q$ મળે.

હવે $\frac{\alpha}{\beta} = \frac{m}{n}$ આપેલ છે.

$\therefore \frac{\alpha+\beta}{\alpha-\beta} = \frac{m+n}{m-n}$

$\therefore \frac{(\alpha+\beta)^2}{(\alpha-\beta)^2} = \frac{(m+n)^2}{(m-n)^2}$

$\therefore \frac{(\alpha+\beta)^2}{\left[(\alpha+\beta)^2-4\alpha\beta\right]} = \frac{(m+n)^2}{\left[(m+n)^2-4mn\right]}$

$\therefore \frac{(-b)^2}{\left[(-b)^2-4(c)\right]} = \frac{(-p)^2}{\left[(-p)^2-4q\right]}$

$\therefore \frac{b^2}{b^2-4(c)} = \frac{p^2}{p^2-4q}$

$\therefore b^2p^2 - b^2(4q) = b^2p^2 - (4cp^2)$

$\therefore b^2(4q) = (p^24c)$

$\therefore b^2q = cp^2$ **જવાબ :** (B)

→ **બીજી રીત :** ધારો કે સમીકરણોનાં બીજ $\alpha, \alpha\gamma$ તથા $\beta, \beta\gamma$ છે.

$\alpha(1+\gamma) = -b,\ \beta(1+\gamma) = -p,\ \alpha^2\gamma = c\ \ \beta^2\gamma = q$

$\therefore \frac{\alpha}{\beta} = \frac{b}{p},\ \frac{\alpha^2}{\beta^2} = \frac{c}{q}$. આથી $\left(\frac{b}{p}\right)^2 = \frac{c}{q}$. આથી $b^2q = p^2c$ **જવાબ :** (B)

(11) જો $x = \sqrt{20+\sqrt{20+\sqrt{20+\ldots\infty}}}$ હોય તો x ની કિંમતો ...... હોઈ શકે. $(x > 0)$

(A) 5, –4 (B) 4 (C) 5 (D) 4, –5

ઉકેલ : $x = \sqrt{20+\sqrt{20+\sqrt{20+\ldots\infty}}}$

$\therefore x = \sqrt{20+x}$

$\therefore x^2 = 20 + x$

$\therefore x^2 - x - 20 = 0$

$\therefore (x-5)(x+4) = 0$

$\therefore x = 5$ કે $x = -4$

પરંતુ $x > 0$ હોવાથી $x \neq -4$

$\therefore x = 5$ **જવાબ :** (C)

(12) જો કોઈ દ્વિઘાત સમીકરણ $ax^2 + bx + c = 0$ નાં બીજનો સરવાળો તે બીજના વ્યસ્તના વર્ગોના સરવાળા જેટલો થાય, તો નીચેનામાંથી ...... સત્ય બને.

(A) ab^2, a^2c તથા bc^2 સમાંતર શ્રેણીમાં હોય.

(B) ab^2, a^2c તથા bc^2 સમગુણોત્તર શ્રેણીમાં હોય.

(C) $\frac{b}{c}, \frac{a}{b}$ તથા $\frac{c}{a}$ સમાંતર શ્રેણીમાં હોય.

(D) $\frac{b}{c}, \frac{a}{b}, \frac{c}{a}$ સમગુણોત્તર શ્રેણીમાં હોય.

ઉકેલ : ધારો કે દ્વિઘાત સમીકરણ $ax^2 + bx + c = 0$ નાં બીજ α અને β છે.

હવે $\alpha + \beta = \frac{1}{\alpha^2} + \frac{1}{\beta^2}$

$\therefore\ \alpha + \beta = \frac{\alpha^2 + \beta^2}{(\alpha\beta)^2} = \frac{(\alpha+\beta)^2 - 2\alpha\beta}{(\alpha\beta)^2}$

અહીં $\alpha + \beta = \frac{-b}{a}$ તથા $\alpha\beta = \frac{c}{a}$ છે.

$$\therefore\ \frac{-b}{a} = \frac{\frac{b^2}{a^2} - \frac{2c}{a}}{\left(\frac{c}{a}\right)^2} = \frac{b^2 - 2ac}{c^2}$$

$\therefore\ -bc^2 = ab^2 - 2a^2c$

$\therefore\ 2a^2c = ab^2 + bc^2$

$\therefore\ ab^2, a^2c$ તથા bc^2 સમાંતર શ્રેણીમાં છે. **જવાબ :** (A)

(13) સમીકરણ $x^{\frac{1}{4}(\log_2 x) - \frac{3}{4}} = 2$ નાં બીજ ...... મળે.

(A) $\frac{1}{2}$, 6 (B) $\frac{1}{6}$, 2 (C) $\frac{1}{2}$, 16 (D) $\frac{1}{16}$, 2

ઉકેલ : $x^{\frac{1}{4}(\log_2 x) - \frac{3}{4}} = 2$

$\therefore\ \frac{\log_2 x - 3}{4} = \log_x 2$

$\therefore\ (\log_2 x) - 3 = \frac{4\log_2 2}{\log_2 x}$

$\therefore\ (\log_2 x)^2 - 3\log_2 x - 4 = 0$

$\therefore\ (\log_2 x + 1)(\log_2 x - 4) = 0$

$\therefore\ \log_2 x = -1$ અથવા $\log_2 x = 4$

$\therefore\ x = 2^{-1}$ અથવા $x = 2^4$ એટલે કે $x = \frac{1}{2}$ અથવા $x = 16$ **જવાબ :** (C)

(14) જો $\frac{x^2 + 2x + 7}{2x + 3} < 6; x \in R$ હોય, તો x ની ...... કિંમતો સત્ય બને.

(A) $x > 11$ અથવા $x < -1$ (B) $x < \frac{-3}{2}$ અથવા $-1 < x < 11$

(C) $x > 11$ અથવા $x < \frac{-3}{2}$ (D) $\frac{-3}{2} < x < -1$

ઉકેલ : $\frac{x^2 + 2x + 7}{2x + 3} < 6; x \in R$ આપેલ છે.

$\therefore \ \dfrac{x^2+2x+7}{2x+3} - 6 < 0$

$\therefore \ \dfrac{x^2-10x-11}{2x+3} < 0$

વિકલ્પ 1 $x^2 - 10x - 11 < 0$ અને $2x + 3 > 0$

$\therefore (x - 11)(x + 1) < 0$ અને $x > \frac{-3}{2}$

$\therefore -1 < x < 11$ અને $x > \frac{-3}{2}$

પરંતુ $x > \frac{-3}{2}$ હોવાથી $-1 < x < 11$ શક્ય બને.

વિકલ્પ 2 $x^2 - 10x - 11 > 0$ અને $2x + 3 < 0$

$(x - 11)(x + 1) > 0$ તથા $x < \frac{-3}{2}$

$\therefore (x > 11$ અથવા $x < -1)$ તથા $x < \frac{-3}{2}$

$\therefore x < -\frac{3}{2}$

આમ $x < \frac{-3}{2}$ અથવા $-1 < x < 11$ સત્ય થાય. **જવાબ :** (B)

(15) જો $cos\ \alpha$ એ દ્વિઘાત સમીકરણ $15x^2 + 8x - 12 = 0;\ 0 < x < 1$ નું બીજ હોય, તો $tan^2 \frac{\alpha}{2}$ = ... થાય.

(A) $\frac{2}{3}$ (B) $\frac{1}{3}$ (C) $\frac{1}{5}$ (D) 5

ઉકેલ : $15x^2 + 8x - 12 = 0;\ 0 < x < 1$ આપેલ છે.

$\therefore (3x - 2)(5x + 6) = 0$

$\therefore x = \frac{2}{3}$ અથવા $x = \frac{-6}{5}$

$0 < x < 1$ હોવાથી $x = \frac{2}{3} = \cos\alpha$

$\therefore \ tan^2 \frac{\alpha}{2} = \dfrac{1-\cos\alpha}{1+\cos\alpha} = \dfrac{1-\frac{2}{3}}{1+\frac{2}{3}} = \frac{1}{5}$ **જવાબ :** (C)

(16) જો $a, b\ c \in R;\ a + b + c = 0,\ c \neq 0$ હોય, તો દ્વિઘાત સમીકરણ $4ax^2 + 3bx + 2c = 0$ ને ...... બીજ હોય.

$a, c,$ સમચિહ્ન

(A) એક ધન તથા એક ઋણ. (B) બે સંકર. (C) બે વાસ્તવિક. (D) બંને શૂન્ય.

ઉકેલ : અહીં $4ax^2 + 3bx + 2c = 0$ આપેલ છે.

$\therefore \Delta = 9b^2 - 32ac$

$= 9(-a - c)^2 - 32ac$ $\quad (a + b + c = 0 \Rightarrow b = -a - c)$

$= 9(a^2 + c^2 + 2ac) - 32ac$

$= 9a^2 + 9c^2 - 14ac$

$= \dfrac{9a^2}{c^2} - \dfrac{14a}{c} + 9$

$= \left(\dfrac{3a}{c} - \dfrac{7}{3}\right)^2 + \dfrac{32}{9} \geq \dfrac{32}{9} > 0$

આથી દ્વિઘાત સમીકરણને બે વાસ્તવિક બીજ મળે. (શા માટે (A) અથવા (D) નહીં ?) **જવાબ :** (C)

(17) સમીકરણ $5^{2x^2-7x+7}=25$ ને ...... બીજ મળે.

(A) 0 (B) બેથી વધુ (C) બરાબર બે જ. 1, તથા $\frac{2}{5}$ (D) બરાબર બે જ. 1 તથા $\frac{5}{2}$

ઉકેલ : અહીં $5^{2x^2-7x+7}=5^2$ આપેલ છે.

$\therefore\ 2x^2 - 7x + 7 = 2$

$\therefore\ 2x^2 - 7x + 5 = 0$

$\therefore\ (2x - 5)(x - 1) = 0$

$\therefore\ x = 1$ અથવા $x = \frac{5}{2}$ **જવાબ :** (D)

(18) વિધેય $\frac{5}{9x^2+6x+14}$ ની મહત્તમ કિંમત ...... છે.

(A) 5 (B) $\frac{13}{5}$ (C) $\frac{5}{13}$ (D) 13

ઉકેલ : $\frac{5}{9x^2+6x+14}$ ત્યારે જ મહત્તમ કિંમત ધારણ કરે કે જ્યારે દ્વિઘાત વિધેય $9x^2 + 6x + 14$ ન્યૂનતમ હોય.

હવે, $9x^2 + 6x + 14 = 9x^2 + 6x + 1 + 13 = (3x + 1)^2 + 13 \geq 13$

આથી $9x^2 + 6x + 14$ની ન્યૂનતમ સીમા 13 છે. $x = -\frac{1}{3}$ માટે ન્યૂનતમ કિંમત મળે.

આથી $\frac{5}{9x^2+6x+14}$ ની મહત્તમ કિંમત $\frac{5}{13}$ મળે. **જવાબ :** (C)

નોંધ : $9x^2 + 6x + 14$ ની ન્યૂનતમ કિંમત $= \frac{4ac-b^2}{4a} = \frac{504-36}{36} = \frac{468}{36} = 13$.

(19) જો x એ કોઈ વાસ્તવિક સંખ્યા હોય, તો $\frac{x^2+14x+9}{x^2+2x+3} \in$ ......

(A) [1, 3] (B) [4, –5] (C) [–5, 4] (D) $\left[\frac{1}{3}, 3\right]$

ઉકેલ : ધારો કે $y = \frac{x^2+14x+9}{x^2+2x+3}$

$\therefore\ x^2y + 2xy + 3y = x^2 + 14x + 9$

$= (y - 1)x^2 + (y - 7)2x + 3y - 9 = 0$

હવે $x \in R$ હોવાથી, $b^2 - 4ac \geq 0$ જરૂરી છે.

$\therefore\ 4(y - 7)^2 - 4(y - 1)(3y - 9) \geq 0$

$\therefore\ (y - 7)^2 - 3(y - 1)(y - 3) \geq 0$

$\therefore\ (y^2 - 14y + 49) - 3(y^2 - 4y + 3) \geq 0$

$\therefore\ -2y^2 - 2y + 40 \geq 0$

$\therefore\ y^2 + y - 20 \leq 0$

$\therefore\ (y + 5)(y - 4) \leq 0$

$\therefore\ -5 \leq y \leq 4$

$\therefore\ \frac{x^2+14x+9}{x^2+2x+3} \in [-5, 4]$ **જવાબ :** (C)

(20) જો $x \in R$ હોય, તો $\frac{x^2-2x+4}{x^2+2x+4}$ ની મહત્તમ તથા ન્યૂનતમ કિંમત અનુક્રમે ...... હોય.

(A) 3, $\frac{1}{3}$ (B) $\frac{1}{3}$, 3 (C) $\frac{1}{3}$, $\frac{1}{3}$ (D) 3, 3

ઉકેલ : ધારો કે $y = \frac{x^2-2x+4}{x^2+2x+4}$

$\therefore x^2y + 2xy + 4y = x^2 - 2x + 4$

$\therefore (y-1)x^2 + 2(y+1)x + 4(y-1) = 0$

હવે $x \in R$ હોવાથી, $b^2 - 4ac \geq 0$ જરૂરી છે.

$\therefore 4(y+1)^2 - 4(y-1)\,4\,(y-1) \geq 0$

$\therefore (y+1)^2 - 4(y-1)^2 \geq 0$

$\therefore [y + 1 - 2(y-1)]\,(y + 1 + 2(y-1) \geq 0$

$\therefore (3-y)(3y-1) \geq 0$ એટલે કે $(y-3)(3y-1) \leq 0$

$\therefore \frac{1}{3} \leq y \leq 3$

$\therefore \frac{x^2-2x+4}{x^2+2x+4}$ ની ન્યૂનતમ કિંમત $\frac{1}{3}$ તથા મહત્તમ કિંમત 3 મળે.

નોંધ : અનુક્રમે $x = 2$ તથા $x = -2$ માટે તે મળે. **જવાબ :** (A)

(21) જો $\alpha \neq \beta$ તથા $\alpha^2 = 5\alpha - 3$ તેમજ $\beta^2 = 5\beta - 3$ હોય, તો $\frac{\alpha}{\beta}$ અને $\frac{\beta}{\alpha}$ બીજ ધરાવતું દ્વિઘાત સમીકરણ ...... હોય.

(A) $3x^2 - 19x + 3 = 0$ (B) $3x^2 - 19x - 3 = 0$ (C) $3x^2 - 16x + 1 = 0$ (D) $x^2 + 19x - 3 = 0$

ઉકેલ : અહીં $\alpha^2 = 5\alpha - 3$ તથા $\beta^2 = 5\beta - 3$

$\therefore \alpha^2 - 5\alpha + 3 = 0$ તથા $\beta^2 - 5\beta + 3 = 0$ આથી α, β સમીકરણ $x^2 - 5x + 3 = 0$ નાં બીજ છે.

$\therefore \alpha + \beta = 5, \alpha\beta = 3$

$\therefore \frac{\alpha}{\beta}$ અને $\frac{\beta}{\alpha}$ બીજ કોઈ સમીકરણનાં બીજ હોય તો,

બીજોનો સરવાળો $= \frac{\alpha}{\beta} + \frac{\beta}{\alpha} = \frac{\alpha^2+\beta^2}{\alpha\beta}$

$= \frac{(\alpha+\beta)^2-2\alpha\beta}{\alpha\beta} = \frac{25-6}{3} = \frac{19}{3}$

બીજનો ગુણાકાર $= (\frac{\alpha}{\beta})(\frac{\beta}{\alpha}) = 1$

$\therefore$ માંગેલ દ્વિઘાત સમીકરણ : $x^2 - \left(\frac{19}{3}\right)x + 1 = 0$

$\therefore 3x^2 - 19x + 3 = 0$ **જવાબ :** (A)

(22) સમીકરણ $\frac{\log 3 + \log(x^2+2)}{\log(x-2)} = 2$ ના ...... ઉકેલ મળે.

(A) 0 (B) 1 (C) 2 (D) 3

ઉકેલ : $\frac{\log 3 + \log(x^2+2)}{\log(x-2)} = 2$

$\therefore \log [3 (x^2 + 2)] = 2 \log (x - 2) = \log (x - 2)^2$

$\therefore 3 (x^2 + 2) = (x - 2)^2$

$\therefore 3x^2 + 6 = x^2 - 4x + 4$

$\therefore 2x^2 + 4x + 2 = 0$

$\therefore x^2 + 2x + 1 = 0$

$\therefore (x + 1)^2 = 0$

$\therefore x = -1$ પરંતુ $x = -1$ લેતાં, $\log (x-2)$ શક્ય ન બને.

$\therefore x \neq -1$

$\therefore$એક પણ ઉકેલ શક્ય નથી. **જવાબ :** (A)

(23) સમીકરણ $\sqrt{x-2}\ (x^2 - 4x + 3) = 0$ નાં વાસ્તવિક બીજ ...... હોય.

(A) 1, 2 (B) 1, 3 (C) 2, 3 (D) 1, 2, 3

ઉકેલ : $\sqrt{x-2}\ (x^2 - 4x + 3) = 0$

$\therefore \sqrt{x-2}\,(x - 1)(x - 3) = 0$

$\therefore x = 1$ અથવા 2 અથવા 3

પરંતુ $x - 2 \geq 0$

$\therefore x = 2, 3$ **જવાબ :** (C)

(24) જો x, y, z ભિન્ન અને વાસ્તવિક હોય, તો $x^2 + 4y^2 + 9z^2 - 6yz - 3zx - 2xy$ હંમેશાં ...... હોય.

(A) અનૃણ (B) ઋણ (C) 0 (D) સંકર સંખ્યા

ઉકેલ : $x^2 + 4y^2 + 9z^2 - 6yz - 3zx - 2xy$

$= (x)^2 + (2y)^2 + (3z)^2 - (2y)(3z) - x(3z) - x(2y)$

$= \frac{1}{2}[(x - 2y)^2 + (2y - 3z)^2 + (x - 3z)^2] \geq 0$

આથી $x^2 + 4y^2 + 9z^2 - 6yz - 3zx - 2xy$ હંમેશાં અનૃણ જ હોય. **જવાબ :** (A)

(25) જો $\log_2 x + \log_x 2 = \frac{10}{3} = \log_2 y + \log_y 2$ તથા $x \neq y$ હોય તો $x + y = ...$

(A) 8 (B) $2^{\frac{1}{3}}$ (C) $8 - 2^{\frac{1}{3}}$ (D) $8 + 2^{\frac{1}{3}}$

ઉકેલ : અહીં $\log_2 x + \log_x 2 = \frac{10}{3} = \log_2 y + \log_y 2$ આપેલ છે.

$\therefore \log_2 x + \frac{1}{\log_2 x} = \frac{10}{3}$ લેતાં, $= \frac{(\log_2 x)^2 + 1}{\log_2 x} = \frac{10}{3}$

ધારો કે $\log_2 x = m$, આથી $3(m^2 + 1) = 10m$

$\therefore 3m^2 - 10m + 3 = 0$

$\therefore (3m - 1)(m - 3) = 0$

$\therefore m = 3$ અથવા $m = \frac{1}{3}$

$\therefore \log_2 x = 3$ અથવા $\log_2 x = \frac{1}{3}$

આ જ રીતે, $\log_2 y = 3$ કે $\log_2 y = \frac{1}{3}$ મળે.

હવે, $x \neq y$ હોવાથી, $\log_2 x = 3$ લેતાં, $\log_2 y \neq 3$. આથી $\log_2 y = \frac{1}{3}$ થાય.

અથવા $\log_2 x = \frac{1}{3}$ લેતાં, $\log_2 y = 3$ થાય.

$\therefore x = 2^3$ તથા $y = 2^{\frac{1}{3}}$ અથવા $x = 2^{\frac{1}{3}}$ અને $y = 2^3$ થાય

$\therefore x + y = 2^3 + 2^{\frac{1}{3}} = 8 + 2^{\frac{1}{3}}$ **જવાબ :** (D)

(26) જો $x = \sqrt{12 - \sqrt{140}}$ હોય, તો $x + \frac{1}{x} = ...$

(A) $\sqrt{7} + \sqrt{5}$ (B) $\frac{\sqrt{7} - \sqrt{5}}{2}$ (C) $\frac{3\sqrt{7} - \sqrt{5}}{2}$ (D) $\frac{\sqrt{7} - 3\sqrt{5}}{2}$

ઉકેલ : $x = \sqrt{12 - \sqrt{140}} = \sqrt{12 - 2\sqrt{35}} = \sqrt{7} - \sqrt{5}$ (કરણીનું વર્ગમૂળ)

$\therefore \frac{1}{x} = \frac{1}{\sqrt{7} - \sqrt{5}} \times \frac{\sqrt{7} + \sqrt{5}}{\sqrt{7} + \sqrt{5}} = \frac{\sqrt{7} + \sqrt{5}}{2}$

$\therefore x + \frac{1}{x} = \sqrt{7} - \sqrt{5} + \frac{\sqrt{7} + \sqrt{5}}{2}$

$= \frac{3\sqrt{7} - \sqrt{5}}{2}$ **જવાબ :** (C)

(27) જો 3, 3 એ દ્વિઘાત સમીકરણ $x^2 + ax + \beta = 0$ નાં બીજ હોય તથા –8, 2 એ દ્વિઘાત સમીકરણ $x^2 + \alpha x + b = 0$ નાં બીજ હોય, તો સમીકરણ $x^2 + ax + b = 0$ નાં બીજ ...... હોય.

(A) 2, 8 (B) –2, –8 (C) 8, –2 (D) –8, 2

ઉકેલ : સમીકરણ $x^2 + ax + \beta = 0$ નાં બીજ 3, 3 હોવાથી, બીજનો સરવાળો $3 + 3 = -a$. આથી $a = -6$ મળે.

વળી, દ્વિઘાત સમીકરણ $x^2 + \alpha x + b = 0$ નાં બીજ – 8 તથા 2 છે. આથી બીજનો ગુણાકાર $= -8\ (2) = b$.

આથી $b = -16$.

આથી નવું દ્વિઘાત સમીકરણ $x^2 - 6x - 16 = 0$ મળે.

$\therefore (x - 8)(x + 2) = 0$

$\therefore x = 8$ અથવા $x = -2$ મળે. **જવાબ :** (C)

(28) દ્વિઘાત સમીકરણનો ઉકેલ શોધતી વખતે બે વિદ્યાર્થીઓ પૈકી એક વિદ્યાર્થી સમીકરણનું અચળ પદ ખોટું લખે છે અને સમીકરણનાં સાચાં બીજનો સરવાળો 3 મળે છે જ્યારે બીજો વિદ્યાર્થી x^2 નો સહગુણક તથા અચળ પદ સાચાં લખે છે જે અનુક્રમે 1 તથા –18 છે તો મળતા દ્વિઘાત સમીકરણનાં સાચાં બીજ ...... હોય.

(A) 3, 6 (B) –3, –6 (C) –6, 3 (D) 6, –3

ઉકેલ : અહીં બીજનો સરવાળો = 3

તથા બીજનો ગુણાકાર $= \frac{-18}{1} = -18$

$\therefore$ મળતું દ્વિઘાત સમીકરણ $x^2 - 3x - 18 = 0$

$\therefore (x-6)(x+3) = 0$

$\therefore x = 6$ અથવા $x = -3$ મળે.

જવાબ : (D)

(29) સમીકરણ $\left(5+2\sqrt{6}\right)^{x-3} + \left(5-2\sqrt{6}\right)^{x-3} = 10$ નું એક બીજ ...... હોય.

(A) 4 (B) 3 (C) 8 (D) 2

ઉકેલ : અહીં $5-2\sqrt{6} = \frac{1}{5+2\sqrt{6}}$

$\therefore \left(5+2\sqrt{6}\right)^{x-3} + \left(5-2\sqrt{6}\right)^{x-3} = 10$

$\therefore \left(5+2\sqrt{6}\right)^{x-3} + \left(\frac{1}{5+2\sqrt{6}}\right)^{x-3} = 10$

ધારો કે $\left(5+2\sqrt{6}\right)^{x-3} = m$

$\therefore m + \frac{1}{m} = 10$

$\therefore m^2 - 10m + 1 = 0$

$\therefore m = \frac{10 \pm \sqrt{100-4}}{2}$

$\therefore m = 5 \pm 2\sqrt{6}$.

$\therefore m = \left(5+2\sqrt{6}\right)^{x-3} = \left(5+2\sqrt{6}\right)^{1}$ અથવા $\left(5+2\sqrt{6}\right)^{-1}$

$\therefore x - 3 = \pm 1$

$\therefore x = 4$ અથવા 2

જવાબ : **(A),(D)**

(30) જો દ્વિઘાત સમીકરણ $(a^2 + b^2)x^2 - 2b(a+c)x + (b^2 + c^2) = 0$ નાં બીજ સમાન હોય તો a, b, c ...... શ્રેણીમાં હોય. $a, b, c \in R$

(A) સમાંતર (B) સમગુણોત્તર C) સ્વરિત (D) સમાંતર-સમગુણોત્તર

ઉકેલ : $(a^2 + b^2)x^2 - 2b(a+c)x + (b^2 + c^2) = 0$ નાં બીજ સમાન છે.

$\therefore \Delta = 0$

$\therefore 4b^2(a+c)^2 - 4(a^2 + b^2)(b^2 + c^2) = 0$

$\therefore 4b^2(a^2 + 2ac + c^2) - 4(a^2b^2 + a^2c^2 + b^4 + b^2c^2) = 0$

$\therefore\ 8ab^2c - 4a^2c^2 - 4b^4 = 0$

$\therefore\ b^4 + a^2c^2 - 2ab^2c = 0$

$\therefore\ (b^2 - ac)^2 = 0$

$\therefore\ b^2 = ac$

$\therefore\ a, b, c$ સમગુણોત્તર શ્રેણીમાં છે. **જવાબ :** (B)

(31) $\log_2 (x^2 + 5x + 10) = 2$ નાં બીજ ...... મળે.

(A) 2, 3 (B) –2, 3 (C) –3, 2 (D) –2, –3

ઉકેલ : $\log_2 (x^2 + 5x + 10) = 2$

$\therefore\ x^2 + 5x + 10 = 2^2 = 4$

$\therefore\ x^2 + 5x + 6 = 0$

$\therefore\ (x + 3)(x + 2) = 0$

$\therefore\ x = -2$ કે $x = -3$ મળે. **જવાબ :** (D)

(32) જો દ્વિઘાત સમીકરણ $ax^2 + bx + c = 0$ નાં બીજ α અને β હોય, તો $\frac{1}{a\alpha+b} + \frac{1}{a\beta+b} =$ ......

(A) $\frac{c}{ab}$ (B) $\frac{a}{bc}$ (C) $\frac{b}{ac}$ (D) $\frac{1}{abc}$

ઉકેલ : $\frac{1}{a\alpha+b} + \frac{1}{a\beta+b} = \frac{a\beta+b+a\alpha+b}{(a\alpha+b)(a\beta+b)}$

$$= \frac{a(\alpha+\beta)+2b}{a^2\alpha\beta+ab(\alpha+\beta)+b^2}$$

$$= \frac{a\left(\frac{-b}{a}\right)+2b}{a^2\left(\frac{c}{a}\right)+ab\left(\frac{-b}{a}\right)+b^2} = \frac{-b+2b}{ac-b^2+b^2} = \frac{b}{ac}$$

જવાબ : (C)

(33) જો x કોઈ વાસ્તવિક સંખ્યા હોય અને $k = \frac{x^2+x+1}{x^2-x+1}$ હોય તો $k \in$ ......

(A) $\left(\frac{1}{3}, 3\right)$ (B) $\left[\frac{1}{3}, 3\right]$ (C) $k \le \frac{1}{3}$ (D) $k \ge 3$

ઉકેલ : $k = \frac{x^2+x+1}{x^2-x+1}$ આપેલ છે.

$\therefore\ x^2 + x + 1 = kx^2 - kx + k$

$\therefore\ (k-1)x^2 - (k+1)x + (k-1) = 0$

હવે $x \in R$ હોવાથી, $\Delta = b^2 - 4ac \ge 0$

$\therefore\ (k+1)^2 - 4(k-1)(k-1) \ge 0$

$\therefore\ (k+1)^2 - [2(k-1)]^2 \ge 0$

$\therefore\ (k+1-2k+2)(k+1+2k-2) \ge 0$

$\therefore\ (3-k)(3k-1) \ge 0$

$\therefore \ (k-3)(3k-1) \le 0$

$\therefore \ \frac{1}{3} \le k \le 3$

$\therefore \ k \in \left[\frac{1}{3}, 3\right]$ **જવાબ :** (B)

(34) જો દ્વિઘાત સમીકરણ $x^2 - m(x+1) - n = 0$ નાં બીજ α અને β હોય, તો $\frac{\alpha^2+2\alpha+1}{\alpha^2+2\alpha+n} + \frac{\beta^2+2\beta+1}{\beta^2+2\beta+n}$ ની કિંમત ...... હોય.

(A) 0 (B) 1 (C) 2 (D) 4

ઉકેલ : $x^2 - m(x+1) - n = 0$

$\therefore x^2 - mx - (m+n) = 0$ નાં બીજ α તથા β આપેલ છે. (1)

$\therefore \alpha + \beta = m \ ; \ \alpha\beta = -(m+n)$

આથી, $n = -\alpha\beta - m$

$= -\alpha\beta - (\alpha + \beta)$

$$\therefore \frac{\alpha^2+2\alpha+1}{\alpha^2+2\alpha+n} + \frac{\beta^2+2\beta+1}{\beta^2+2\beta+n} = \frac{\alpha^2+2\alpha+1}{\alpha^2+2\alpha-\alpha\beta-\alpha-\beta} + \frac{\beta^2+2\beta+1}{\beta^2+2\beta-\alpha\beta-\alpha-\beta}$$

$$= \frac{\alpha^2+2\alpha+1}{\alpha^2+\alpha-\alpha\beta-\beta} + \frac{\beta^2+2\beta+1}{\beta^2+\beta-\alpha\beta-\alpha}$$

$$= \frac{(\alpha+1)^2}{(\alpha-\beta)(\alpha+1)} + \frac{(\beta+1)^2}{(\beta+1)(\beta-\alpha)}$$

$$= \frac{\alpha+1}{\alpha-\beta} - \frac{\beta+1}{\alpha-\beta}$$

$$= \frac{\alpha-\beta}{\alpha-\beta}$$

$= 1$ **જવાબ :** (B)

(35) સમીકરણ $x^2 + x - 1 = 0$ નાં બીજનો ગુણોત્તર $m : n$ હોય તો નીચેનામાંથી કયું સત્ય બને ?

(A) $2m + n(3+\sqrt{5}) = 0$ (B) $2m = 3n$ (C) $3m - 2n(\sqrt{5}+1) = 0$ (D) $3m = 2n$

ઉકેલ : ધારો કે સમીકરણ $x^2 + x - 1 = 0$ નાં બીજ α અને β છે.

અહીં $\frac{\alpha}{\beta} = \frac{m}{n}$ છે. વળી $\alpha + \beta = -1; \ \alpha\beta = -1$

$\therefore \dfrac{\alpha+\beta}{\alpha-\beta} = \dfrac{m+n}{m-n}$ (યોગ-વિયોગ)

$\therefore \dfrac{(\alpha+\beta)^2}{(\alpha-\beta)^2} = \dfrac{(m+n)^2}{(m-n)^2}$

$\therefore \dfrac{(\alpha+\beta)^2}{(\alpha+\beta)^2-4\alpha\beta} = \dfrac{(m+n)^2}{(m-n)^2}$

$\therefore \dfrac{1}{1+4} = \dfrac{(m+n)^2}{(m-n)^2}$

$\therefore \dfrac{1}{5} = \left(\dfrac{m+n}{m-n}\right)^2$

$\therefore \dfrac{m+n}{m-n} = \dfrac{1}{\sqrt{5}}$

$\therefore \dfrac{m+n+m-n}{m+n-m+n} = \dfrac{1+\sqrt{5}}{1-\sqrt{5}}$ (યોગ-વિયોગ)

$\therefore \dfrac{m}{n} = \dfrac{\sqrt{5}+1}{1-\sqrt{5}} \times \dfrac{(1+\sqrt{5})}{(1+\sqrt{5})} = \dfrac{6+2\sqrt{5}}{-4}$

$\therefore \dfrac{m}{n} = \dfrac{-3}{2} - \dfrac{\sqrt{5}}{2} = \dfrac{-1}{2}\left(3+\sqrt{5}\right)$

$\therefore 2m + n\left(3+\sqrt{5}\right) = 0$ **જવાબ :** (A)

નોંધ : $\dfrac{m+n}{m-n} = \dfrac{-1}{\sqrt{5}}$ લેતાં, $2m + n\left(3-\sqrt{5}\right) = 0$ મળે, જે વિકલ્પ આપેલ નથી.

બીજી રીત : ધારો કે $\alpha = mk,\ \beta = nk$

$\therefore \alpha + \beta = (m+n)k = -1, \quad \alpha\beta = mnk^2 = -1.$

$\therefore k = \dfrac{-1}{m+n},\ k^2 = \dfrac{-1}{mn}.$ આથી $\dfrac{1}{(m+n)^2} = \dfrac{-1}{mn}$ $\therefore m^2 + 3mn + n^2 = 0$

$\therefore \dfrac{m}{n} = \dfrac{-3\pm\sqrt{9-4}}{2} = \dfrac{-3\pm\sqrt{5}}{2}$

$\therefore 2m = \left(-3\pm\sqrt{5}\right)n$

$\therefore 2m + \left(3+\sqrt{5}\right)n = 0$ (આપેલ વિકલ્પ પ્રમાણે)

(36) સમીકરણ $(x+1)(x+2)(x+3)(x+4) = 120$ નો વાસ્તવિક ઉકેલ ......મળે.

(A) 6, 1 (B) –1, 6 (C) –6, –1 (D) –6, 1

ઉકેલ : $(x+1)(x+2)(x+3)(x+4) = 120$

$\therefore [(x+1)(x+4)][(x+2)(x+3)] = 120$

$\therefore (x^2+5x+4)(x^2+5x+6) = 0$

ધારો કે $x^2 + 5x = m$

$\therefore (m+4)(m+6) = 120$

$\therefore m^2 + 10m - 96 = 0$

$\therefore (m+16)(m-6) = 0$

$\therefore m = -16$ અથવા $m = 6$

$\therefore x^2 + 5x = -16$ અથવા $x^2 + 5x = 6$ $(x^2 + 5x = m)$

$\therefore x^2 + 5x + 16 = 0$ અથવા $x^2 + 5x - 6 = 0$

$x^2 + 5x + 16 = 0$ લેતાં, $\Delta = (5)^2 - 4(1)(16) = 25 - 64 = -39 < 0$

$\therefore$ સમીકરણને વાસ્તવિક ઉકેલ ન મળે.

હવે, $x^2 + 5x - 6 = 0$ લેતાં, $(x + 6)(x - 1) = 0$ મળે.

$\therefore x = -6$ કે $x = 1$ **જવાબ :** (D)

નોંધ : $(x+1)(x+2)(x+3)(x+4) = 2.3.4.5 = (-5)(-4)(-3)(-2)$ પરથી બે વાસ્તવિક ઉકેલો $x = 1$ તથા $x = -6$ મળે છે.

(37) જો બીજનાં વર્ગોનો સરવાળો 40 તથા બીજના ઘનનો સરવાળો 208 હોય તથા બીજ સંમેય હોય તેવું દ્વિઘાત સમીકરણ ...... હોય.

(A) $x^2 - 4x - 12 = 0$ (B) $x^2 - 4x + 12 = 0$ (C) $x^2 + 4x - 12 = 0$ (D) $x^2 + 4x + 12 = 0$

ઉકેલ : ધારો કે માંગેલ દ્વિઘાત સમીકરણનાં બીજ α અને β છે.

$\alpha^2 + \beta^2 = 40$ તથા $\alpha^3 + \beta^3 = 208$

$\therefore (\alpha + \beta)^2 - 2\alpha\beta = 40$ અને $(\alpha + \beta)(\alpha^2 - \alpha\beta + \beta^2) = 208$

$\therefore (\alpha + \beta)(40 - \alpha\beta) = 208$

ધારો કે $\alpha + \beta = m$ તથા $\alpha\beta = n$ છે.

$\therefore m^2 - 2n = 40$ તથા $m(40 - n) = 208$ મળે.

$\therefore \frac{m^2 - 40}{2} = n$ની આ કિંમત સમીકરણ $m(40 - n) = 208$ માં મૂકતાં,

$$\therefore m\left[40 - \left(\frac{m^2 - 40}{2}\right)\right] = 208$$

$\therefore m[80 - m^2 + 40] = 416$

$\therefore 120m - m^3 = 416$

$\therefore m^3 - 120m + 416 = 0$

$\therefore (m - 4)(m^2 + 4m - 104) = 0$

$\therefore m = 4$ અથવા $m^2 + 4m - 104 = 0$

હવે $m^2 + 4m - 104 = 0$ માટે, $\Delta = 16 - 4(1)(-104) = 432$

$\therefore \sqrt{\Delta} = 12\sqrt{3}$ અસંમેય સંખ્યા છે. પરંતુ α, β સંમેય છે.

$\therefore m = 4$ શક્ય છે. આથી $n = \frac{16 - 40}{2} = -12$

$\therefore \alpha + \beta = 4$; $\alpha\beta = -12$

$\therefore$ માંગેલ દ્વિઘાત સમીકરણ $x^2 - 4x - 12 = 0$ **જવાબ :** (A)

નોંધ : વિકલ્પો (B) તથા (D) ને સંકરબીજ હોય. આથી બે વિકલ્પો (A) તથા (C) જ શક્ય બને. વિકલ્પ (A)નાં બીજ $\alpha = 6$ તથા $\beta = -2$ છે. જે આપેલ શરતને સંતોષે છે. આથી, વિકલ્પ (A) જવાબ છે.

(38) સમીકરણ $3\left(x^2 + \frac{1}{x^2}\right) + 16\left(x + \frac{1}{x}\right) + 26 = 0$ નો ઉકેલ ગણ ...... હોય.

(A) $\left\{1, 3, \frac{1}{3}\right\}$ (B) $\left\{-1, -3, \frac{-1}{3}\right\}$ (C) $\left\{-1, 3, \frac{-1}{3}\right\}$ (D) $\left\{1, 3, \frac{-1}{3}\right\}$

ઉકેલ : $3\left(x^2 + \frac{1}{x^2}\right) + 16\left(x + \frac{1}{x}\right) + 26 = 0$ આપેલ છે.

ધારો કે $\left(x + \frac{1}{x}\right) = m.$ આથી $\left(x^2 + \frac{1}{x^2}\right) = m^2 - 2$

$\therefore 3(m^2 - 2) + 16m + 26 = 0$

$\therefore\ 3m^2 + 16m + 20 = 0$

$\therefore\ (3m + 10)(m + 2) = 0$

$\therefore\ m = \frac{-10}{3}$ અથવા $m = -2$

$\therefore\ m = \frac{-10}{3}$ લેતાં, દ્વિઘાત સમીકરણ $x + \frac{1}{x} = \frac{-10}{3}$ રચાય.

$\therefore\ 3x^2 + 10x + 3 = 0$. આથી $(3x + 1)(x + 3) = 0$

$\therefore\ x = \frac{-1}{3}$ અથવા $x = -3$ મળે.

$m = -2$ લેતાં, સમીકરણ $x + \frac{1}{x} = -2$ મળે.

$\therefore\ x^2 + 2x + 1 = 0$

$\therefore\ (x + 1)^2 = 0$. આથી $x = -1$

$\therefore\ x$ ની શક્ય કિંમતોનો ઉકેલગણ $\left\{-3, -1, \frac{-1}{3}\right\}$ મળે. **જવાબ :** (B)

(39) સમીકરણ $27^{\frac{1}{x}} + 12^{\frac{1}{x}} = 2.8^{\frac{1}{x}}$ નાં વાસ્તવિક બીજોની સંખ્યા ...... છે.

(A) 0 (B) 1 (C) 2 (D) 3

ઉકેલ : $27^{\frac{1}{x}} + 12^{\frac{1}{x}} = 2.8^{\frac{1}{x}}$

$\therefore\ \left(\frac{27}{8}\right)^{\frac{1}{x}} + \left(\frac{12}{8}\right)^{\frac{1}{x}} = 2$

$\therefore\ \left(\frac{3}{2}\right)^{\frac{3}{x}} + \left(\frac{3}{2}\right)^{\frac{1}{x}} = 2$

ધારો કે $\left(\frac{3}{2}\right)^{\frac{1}{x}} = m$

$\therefore\ m^3 + m = 2$

$\therefore\ m^3 + m - 2 = 0$

$\therefore\ (m^2 + m + 2)(m - 1) = 0$

$\therefore\ m = 1$ અથવા $m^2 + m + 2 = 0$

હવે $m^2 + m + 2 = 0$ માટે, $\Delta = 1 - 4(1)(2) = -7 < 0$ જેથી વાસ્તવિક બીજ ન મળે.

$\therefore\ m = 1$

$\therefore\ \left(\frac{3}{2}\right)^{\frac{1}{x}} = 1 = \left(\frac{3}{2}\right)^0$

$\therefore\ \frac{1}{x} = 0$ જે અશક્ય છે.

$\therefore$ વાસ્તવિક બીજની સંખ્યા 0 થાય. **જવાબ :** (A)

(40) જો સમીકરણ $ax^2 + bx + c = 0$ નું એક બીજ એ બીજા બીજના n ઘાત જેટલું થાય તો $(ac^n)^{\frac{1}{n+1}} + (a^n c)^{\frac{1}{n+1}} =$ ......

(A) $-a$ (B) $-b$ (C) $-c$ (D) $-ab$

ઉકેલ : ધારો કે સમીકરણ $ax^2 + bx + c = 0$ નાં બીજ α અને β છે.

હવે, $\alpha = \beta^n$ આપેલ છે.

વળી, $\alpha + \beta = \frac{-b}{a}$ તથા $\alpha\beta = \frac{c}{a}$ છે. હવે, $\alpha = \beta^n$ લેતાં, $\beta^n \cdot \beta = \frac{c}{a}$

$\therefore \beta^{n+1} = \frac{c}{a}$. આથી $\beta = \left(\frac{c}{a}\right)^{\frac{1}{n+1}}$. આથી $\alpha = \left(\frac{c}{a}\right)^{\frac{n}{n+1}}$ મળે.

$\therefore \alpha + \beta = \frac{-b}{a}$ પરથી, $\left(\frac{c}{a}\right)^{\frac{n}{n+1}} + \left(\frac{c}{a}\right)^{\frac{1}{n+1}} = \frac{-b}{a}$

$\therefore \frac{c^{\frac{n}{n+1}}}{a^{\frac{n}{n+1}}} + \frac{c^{\frac{1}{n+1}}}{a^{\frac{1}{n+1}}} = \frac{-b}{a}$ આથી $\frac{c^{\frac{n}{n+1}} \cdot a^{\frac{1}{n+1}} + a^{\frac{n}{n+1}} \cdot c^{\frac{1}{n+1}}}{a^{\frac{n}{n+1}} \cdot a^{\frac{1}{n+1}}} = \frac{-b}{a}$

$\therefore \frac{(c^n \cdot a)^{\frac{1}{n+1}} + (a^n \cdot c)^{\frac{1}{n+1}}}{a} = \frac{-b}{a}$ આથી $(c^n \cdot a)^{\frac{1}{n+1}} + (a^n \cdot c)^{\frac{1}{n+1}} = -b$ **જવાબ :** (B)

(41) જો $ax + by = 1$ હોય અને સમીકરણ $px^2 + qy^2 = 1$ ને માત્ર એક જ બીજ હોય તો નીચેનામાંથી કયું સત્ય બને ?

(A) $\frac{a^2}{p} + \frac{b^2}{q} = 1$ (B) $x = \frac{-a}{p}$ (C) $x = \frac{b}{q}$ (D) $a^2b^2 = pq$

ઉકેલ : $ax + by = 1$. આથી $y = \frac{1-ax}{b}$

સમીકરણ $px^2 + qy^2 = 1$ માં y નું મૂલ્ય મૂકતાં, $px^2 + q\left(\frac{1-ax}{b}\right)^2 = 1$

$\therefore b^2px^2 + q(1 - ax)^2 = b^2$

$\therefore pb^2x^2 + q - 2aqx + qa^2x^2 = b^2$

$\therefore (qa^2 + pb^2)x^2 - 2aqx + q - b^2 = 0$ ને માત્ર એક જ બીજ હોય તો $\Delta = 0$

$\therefore 4a^2q^2 - 4(qa^2 + pb^2)(q - b^2) = 0$

$\therefore 4a^2q^2 - 4(a^2q^2 - a^2b^2q + b^2pq - b^4p) = 0$

$\therefore a^2q - pq + b^2p = 0$ $(b \neq 0)$

$\therefore a^2q + b^2p = pq$

$\therefore \frac{a^2}{p} + \frac{b^2}{q} = 1$ **જવાબ :** (A)

(42) $\log_{10} a + \log_{10} \sqrt{a} + \log_{10} \sqrt[4]{a} + ... = b > 0$ હોય તથા $\frac{\sum_{n=1}^{b}(2n-1)}{\sum_{n=1}^{b}(3n+1)} = \frac{20}{7\log_{10} a}$ હોય તો $a =$ ......

(A) 100 (B) 1000 (C) 10000 (D) 100000

ઉકેલ : $\log_{10} a + \log_{10} \sqrt{a} + \log_{10} \sqrt[4]{a} + ... = b$ આપેલ છે.

$\therefore \log_{10} a + \log_{10} a^{\frac{1}{2}} + \log_{10} a^{\frac{1}{4}} + ... = b$

$\therefore \log_{10} (a \cdot a^{\frac{1}{2}} \cdot a^{\frac{1}{4}} ...) = b$

$\therefore \log_{10} a^{1+\frac{1}{2}+\frac{1}{4}+....} = b$

